## ❊ સિદ્ધાન્ત મહોદધિ ભગવાન શ્રી પ્રેમસૂરીશ્વરજી મહારાજાના રથનું તપોવન સંસ્કારધામમાં આગમન ❊

તા. ૭ સપ્ટેમ્બર ૨૦૧૭ ના રોજ તપોવન સંસ્કારધામ નવસારીના આંગણે સોનાનો સૂરજ ઉગ્યો. મુક્તિપંથના મહાયાત્રી તેવા સિદ્ધાન્ત મહોદધિ ભગવાન શ્રી પ્રેમસૂરીશ્વરજી મહારાજાના રથનું પાવન પર્દાપણ તપોવનમાં થયું. ગુણોના ઉધાન સમા શ્રી પ્રેમસૂરીદાદાના જીવનને પ્રત્યક્ષ નિહાળવાનું સૌભાગ્ય તો તપોવની બાળકોને ન હતું સાંપડ્યું, પરંતુ એ ગુણ-ઉધાનની સુવાસને માણવાની એક તક પ્રાપ્ત થઈ તેથી સૌના મન નાચી ઉઠયા હતા.

સવારે સૌ તપોવની બાળકોએ તથા તપોવન પરીવારે બેન્ડ સાથે સામૈયું કરી રથને વધાવ્યો હતો. ત્યારબાદ ઉપસ્થિત સૌએ રથને (પૂ. પ્રેમસૂરીદાદા)ને પ્રદક્ષીણા આપી હતી. સૌએ પૂ. દાદાગુરુની સામે ભક્તિ કરી હતી. પૂ. પંન્યાસજી ભગવંત શ્રી ભવ્યકીર્તિ વિ.મ.સા. ની નીશ્રામાં ગુરુગુણાનુવાદ સભા તથા ભક્તિ કાર્યક્રમ યોજાયો હતો. સૌ ગુરુમય બન્યા હતા. તપોવની બાળકોએ પૂ. ગુરુજીઓ પાસેથી પૂ. પ્રેમસૂરીદાદા વિશે જાણકારી મેળવી હતી, તથા પોતાના જે તેમના પ્રત્યેના હૈયાના ભાવો છે તેને વકતવ્ય સ્વરૂપે રજૂ કર્યા હતા. જે પ્રમાણે વિશાલ તારાચંદજી મુણોત Std. 10th એ પોતાના વકતવ્યમાં જણાવ્યું હતું કે ''પૂજ્ય સિદ્ધાન્ત મહોદધી ભગવાન શ્રી પ્રેમસૂરીશ્વરજી મહારાજાના સ્વર્ગારોહણ અર્ધશતાબ્દી વર્ષે તેઓશ્રીના જીવનને આજે શબ્દદેહ આપવાનો પ્રયાસ કરી રહ્યો છું, ત્યારે અંતરમાં શબ્દોનો સાગર ઉમટી રહ્યો છે. દ્રષ્ટિમાં ગુણોનો મહાસાગર લહેરાઈ રહ્યો છે. પૂ. પ્રેમસૂરીદાદાના કેટકેટલા ગુણોનું વર્ણન કરવું? કયા ગુણોનું વર્ણન કરવું અને કયા ગુણોને ગૌણ કરવા તે પ્રશ્ન પર્વત થઈને ઊભો છે? ત્યારબાદ પૂ. શ્રીના નિષ્કામ વ્યકિતત્વ, વાત્સલ્યભાવ, સ્વાધ્યાયપ્રેમ, ગીતાર્થતા, ગુરુસમર્પણભાવ વિગેરે ગુણોનું વર્ણન કર્યુ હતું. અંતમાં તેમની મહાનતાને વંદન કરી વકતવ્ય પૂર્ણ કર્યુ હતું. જિનાંગ ભાગ્યવંતભાઈ સંઘવી 9th એ પોતાના વકતવ્યમાં જણાવ્યું હતું કે, ''આજે અમે ધન્ય બની ગયા કે આવા વિરલ વિભૂતીના પરોક્ષ રીતે પણ અમને દર્શન થયા. તેઓશ્રીએ હજારો આત્માને સમ્યગ્દર્શનની ભેટ ધરી હતી. ત્યારે આજે અમારા સૌના મનમાં એક આશા છે કે અમને સમ્યગ્દર્શનનો અંશ તો ચોક્કસ પ્રાપ્ત થશે. તેણે જણાવ્યું કે પૂ.શ્રી 45 આગમગ્રંથોના અભ્યાસી તથા કર્મ અંગે પક્કડ ધરાવતા હતા. તત્વજ્ઞાન તેમના જીવનમાં વણાયેલું હતું. તેઓશ્રીના મુખ પર હંમેશા ભવ્ય અને સૌમ્ય આનંદ સંતાકૂકડી રમતો હતો. તેઓશ્રી પોતાના જીવનનું તો સાર્થક્ય કરી ગયા પણ અગણીત જીવોના જીવનને ઉગારી ગયા.'' Std. 7th ના બાળક ઓમ તેજસભાઈ શાહે પોતાના વકતવ્યમાં જન્મથી કાળધર્મ સુધીના જીવનને ટૂંકમાં વણી લીધું હતું.



આમ, આખો દિવસ સૌ તપોવન પરીવાર ગુરુમય બન્યા એક અલગ જ વાતાવરણ નીર્મિત થયું.

''धन्य नेत्रं परमपुनितं, दर्शनं चेन चाप्तं,
धन्य जिह्वा, गुणखरता, श्रोतृकर्णौ च धन्यौ ।
चेतो धन्यं, स्मरणनिरतं, पादलग्नं ललाटं,
वन्दे प्रेमं, तमपि विनतं, विश्वविश्वैकधन्यम् ॥
(सिद्धान्तमहोदधि - 7/23)

## ❊ શ્રાવકના કર્તવ્યરૂપ ચૈત્યપરિપાટી ❊

તપોવન સંસ્કારધામના બાળકો ચૈત્યપરિપાટીના કર્તવ્યને શુદ્ધિપૂર્વક પૂર્ણ કરવા રૂપે તપોવનથી ચાલતા નવસારી મહાવીર સંઘમાં બિરાજમાન શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ તથા શ્રી વાસુપૂજ્ય જિનાલયે પહોંચ્યા હતા. તા. ૧૭-૯-૨૦૧૭ રવિવારે આ આયોજન કરવામાં આવ્યું હતું. સૌ બાળકો હર્ષોલ્લાસ પૂર્વક બેન્ડ-ધજા સાથે નારા બોલાવતાં મહાવીર સોસાયટી પહોંચ્યા હતા. શ્રી સંઘના સભ્યોએ મીઠો આવકાર આપ્યો હતો. સૌએ પ્રભુદર્શન કરી શાસનવંદના કરી હતી. ત્યારબાદ નવકારશી વાપરી નાહીને મેરૂ-મહોત્સવ માટે સૌ બાળકો તૈયાર થયા હતા. મેરૂ-મહોત્સવ શ્રી પ્રકાશભાઈ વરદાન તરફથી નારણલાલા હોલમાં આયોજિત કરવામાં આવ્યો હતો. પ.પૂ. આચાર્ય ભગવંત શ્રી હંસકીર્તિ સૂરીશ્વરજી મ.સા., પૂ. પંન્યાસ શ્રી રાજરક્ષિત વિજયજી મ.સા. તથા પૂ. શ્રી હંસબોધી વિજયજી મ.સા. ઉપરાંત અન્ય ગુરુ ભગવંતોની નિશ્રામાં સુંદર ભક્તિના માહોલમાં મેરૂ મહોત્સવ ઉજવાયો હતો. વચ્ચે વચ્ચે પૂ. ગુરુજીઓની હિતશીક્ષા શ્રી સાકેતભાઈ તથા શ્રી મુકેશભાઈનું સંગીત તથા તપોવની બાળકોની સ્પીચ-ડાન્સ વિગેરેને લીધે આ પ્રોગ્રામ વધુ શોભાયમાન બન્યો હતો.

સમગ્ર પ્રોગ્રામ દરમિયાન આખો નારણલાલા હોલ ભક્તજનોથી હકડેઠઠ ભરાયેલો રહ્યો હતો. આ આખો પ્રોગ્રામ બપોરે ૧.૦૦ કલાકે પૂરો થતાં સૌએ ત્યાં સાધર્મિક વાત્સલ્યનો પણ લાભ લીધો હતો. છેવટે સૌ બસ દ્વારા તપોવન પરત ફર્યા હતા. સૌ બાળકોના મનમાં ચૈત્ય પરીપાટીનું કર્તવ્ય પૂર્ણ કર્યાનો સંતોષ વર્તાતો હતો.